પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૯ | ૮ ઓગસ્ટ, ૨૦૧૯, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેપો અને રિવર્સ રેપોરેટમાં ઘટાડો

**લોન હવે વધુ સસ્તી થશે : નાણાંકીય વર્ષની ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં રિવર્સ રેપોરેટને ઘટાડીને ૫.૧૫ તેમજ રેપોરેટ ઘટાડીને ૫.૪૦ ટકા**



મુંબઈ,તા. ૭

ભારતીય રિઝર્વ બેંકે આજે નાણાંકીય વર્ષની તેની ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકના પરિણામ જાહેર કર્યા હતા. ધારણા પ્રમાણે જ રેપોરેટમાં ૦.૩૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ રેપોરેટ ૫.૭૫ ટકાથી ઘટીને ૫.૪૦ ટકા થઈ ગયો છે. આવી જ રીતે રિવર્સ રેપો રેટ ૫.૭૫ ટકાથી ઘટીને હવે ૫.૧૫ ટકા થઈ ગયો છે. સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.સતત ચોથી વખત આરબીઆઇ દ્વારા રેપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. રેપો રેટ હજુ સુધી ૫.૭૫ ટકા હતો. જે સપ્ટેમ્બર ૨૦૧૦ બાદ સૌથી નીચી સપાટી પર હતો. આરબીઆઈ આ વર્ષે પહેલાથી જ રેપો રેટમાં ત્રણ વખત ૦.૭૫ ટકા સુધીનો ઘટાડો કરી ચુકી છે. રેટમાં ઘટાડો થતા લોન લેનાર લોકોને મોટી રાહત થઈ ગઈ છે. આરબીઆઈએ સામાન્ય લોકોને મોટી રાહત આપી છે. જેથી તમામ પ્રકારની હોમ અને અન્ય લોન સસ્તી થશે. આરબીઆઈએ સામાન્ય લોકો અને કંપનીઓને મોટી રાહત આપી દીધી છે. સતત ચોથી વખત રિઝર્વ બેંક દ્વારા રેપોરેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૧૬માં આની રચના કરવામાં આવ્યા બાદ મોનિટરી પોલિસી દ્વારા ચોથી વખત વ્યાજદરમાં ઘટાડો કરાયો છે. છેલ્લી જુનની પોલિસી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા આજે તેના પરિણામ બેઠક બાદ જાહેર કર્યા હતા. મોનિટરી પોલિસી કમિટિએ રેટમાં કાપની તરફેણમાં બહુમતિથી નિર્ણય આપ્યો હતો. રિઝર્વ બેંક દર બે મહિનામાં આર્થિક નીતિઓની

● અનુસંધાન પાન-૭ પર

## હવે બધી લોન સસ્તી બનશે

**રેપોરેટ ઘટતા બેંકોને સસ્તા ફંડિંગ મળશે : પર્સનલ, હોમ અને કાર લોન લેનારને ફાયદો : ફ્લોટિંગ વ્યાજદર પર લોન લઇ ચુકેલા લોકોને સીધો મોટો ફાયદો**



મુંબઈ, તા. ૭

રેપોરેટમાં આજે ઘટાડો કરવામાં આવ્યા બાદ લોન સસ્તી થવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. રિઝર્વ બેંક બેંકોને જે ફંડ આપે છે તેમાં ઘટાડો થયો છે. રેપોરેટ ઘટવાથી બેંકોને આરબીઆઈથી સસ્તા પ્રમાણમાં ફંડ ઉપલબ્ધ થશે જેથી બેંકો પણ ઓછા વ્યાજદર પર કાર, હોમ લોન સહિત અન્ય લોનની ઓફર કરી શકશે. નવા લોન સસ્તા થશે. જે લોકો પહેલાથી જ લોન લઈ ચુક્યા છે તે લોકોને ઈએમઆઈમાં અથવા તો રિપેમેન્ટ પિરિયડમાં ઘટાડાનો લાભ મળશે. હવે આગામી નાણાંકીય નીતિ સમક્ષાની બેઠક ઓક્ટોબરમાં યોજવામાં આવનાર છે. આરબીઆઈની પોલિસી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી જેમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ જુદા જુદા પ્રકારની લોન સસ્તી થશે તેવા સંકેત મળી રહ્યા છે. રેપોરેટ ઘટી જતાં બેંકો આનો લાભ ગ્રાહકોને આપી શકે છે. તમામ પ્રકારની લોન આના લીધે સસ્તી થશે. આના કારણે ઈએમઆઈમાં ઘટાડો થશે. ફ્લોટિંગ વ્યાજના દર ઉપર જો કોઈપણ પ્રકારની લોન લેવામાં આવી છે તો ઈએમઆઈ આજની બેઠક બાદ ઘટશે.

# કાશ્મીરમાં ત્રાસવાદ સામે નિર્ણાયક કાર્યવાહી

**ત્રાસવાદીગ્રસ્ત વિસ્તારોમાં જોરદાર ઓપરેશન : પાકી બાતમી આધાર પર ત્રાસવાદીઓની સામે કાર્યવાહી**

શ્રીનગર,તા. ૭

જમ્મુકાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ હવે રાજ્યમાં સંપૂર્ણ શાંતિ સ્થાપિત કરવાની દિશામાં પણ જોરદાર પહેલ કરવામાં આવી રહી છે. ત્રાસવાદીઓ જે વિસ્તારમાં વધારે સક્રિય રહ્યા છે ત્યાં તેમની સામે જોરદાર કાર્યવાહી ચાલી રહી છે. તેમને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવાની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહી હજુ જારી રહી શકે છે. ત્રાસવાદીઓ સામે ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના કારણે સેંકડો ત્રાસવાદીઓ માર્યા ગયા છે. તેમની કમર તોડી પાડવામાં આવી છે. જો કે છેલ્લા હેવાલ મુજબ હજુ પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ સક્રિય છે. હંદવાડાના ઉનીસમાં ગઈકાલે મોડી રાત્રે ભીષણ અથડામણ થઈ હતી. જેમાં ત્રણ ખુંખાર ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હતા. અથડામણ દરમિયાન એક નાગરિકનુ પણ મોત થયુ હતુ. અથડામણ શરૂ થયા બાદ મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ગયા શનિવારના દિવસે પણ મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. જો કે એ વખતે ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. પાકિસ્તાન દ્વારા આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર ગોળીબાર કરીને ત્રાસવાદીઓને ભારતીય ક્ષેત્રમાં ઘુસાડી દેવાના પ્રયાસ સતત કરવામાં આવી રહ્યા છે. જો કે હાલમાં ભારતીય સેનાના સફળ ઓપરેશન અને અન્ય સુરક્ષા સંસ્થાઓ વચ્ચે સારા

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**હાફિઝ સઈદ દોષી**

વૈશ્વિક આતંકી હાફિઝ સઈદને પાકિસ્તાનની ગુજરાંવાલા કોર્ટે દોષી જાહેર કર્યો છે. આ જાણકારી પાકિસ્તાની મીડિયા રિપોર્ટ દ્વારા અપાઈ છે. ૧૮મી જુલાઈએ હાફિઝને લાહોરથી ધરપકડ કરવામાં આવી હતી.

**આર્ટીકલ ૩૭૦ પર ફિલ્મ બનાવવા હોડ**

આર્ટીકલ ૩૭૦ની ચર્ચા ચારેબાજુ થઈ રહી છે. ફિલ્મ નિર્માતાઓમાં આ વિષયે ફિલ્મ બનાવવા ભારે હોડ જામી છે. આર્ટીકલ ૩૭૦ સંબંધી કેટલાય ટાઈટલ રજીસ્ટર્ડ પણ કરવામાં આવ્યા છે.

**કાનપુરમાં એકસાથે છ બાળકો લાપત્તા**

ઉત્તરપ્રદેશના કાનપુરમાં એક શાળાના પાંચમા ધોરણના છ બાળકો શાળા છુટ્યા બાદથી લાપત્તા બન્યા છે. આ ઘટના બાદ શાળામાં દોડધામ મચી ગઈ છે. પોલીસે સ્થળ પર તપાસ હાથ ધરી સીસીટીવી કુટેજ ચેક કર્યા છે.

નવભારત ટુર્સ
UNIT OF NAVBHARAT TRAVELS
સ્ટેચ્યુ ઓફ યુનીટી
દર રવિવારે • ગાંધીનગરથી ગાંધીનગર
₹૧૫૦૦/- પ્રતિ વ્યક્તિ
ઓગષ્ટ ૧૦,૧૧,૧૭,૧૮,૨૨,૨૩,૨૪,૨૫
એ.સી.વાહન • બ્રેકફાસ્ટ-લંચ-ડીનર
પ્રવેશ ફી • મીનરલ વોટર • ટુર મેનેજર
9825804080

# સુષ્માજીનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન


**દિલ્હી સ્થિત લોધી રોડ સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર કરાયા : બાસુરી દ્વારા અદા કરાયેલી અંતિમસંસ્કારની રસમ : અંતિમ વિદાય આપવા મોદી ઉપરાંત વેંકૈયા, રાજનાથ, અડવાણી, બિડલા સહિત બધા લોકો પહોંચ્યા : મોદી સહિત તમામ ભાવુક**

નવી દિલ્હી,તા. ૭

પ્રખર વક્તા અને દરેકના દિલોદિમાગ પર છવાયેલા આક્રમક અને શક્તિશાળી નેતા સુષ્મા સ્વરાજ આજે ભાવનાશીલ માહોલમાં પંચતત્વમાં વિલિન થઈ ગયા હતા. નમ આંખો સાથે હજારો લોકોએ પોતાના પ્રિય નેતાને અંતિમ વિદાય આપી હતી. સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. દિલ્હી સ્થિત લોધી રોડ સ્મશાન ગૃહમાં તમામ હસ્તીઓની ઉપસ્થિતિમાં તેમના રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અંતિમ સંસ્કારની રસમને તેમની પુત્રી બાસુરી સ્વરાજે અદા કરી હતી. સુષ્મા સ્વરાજને અંતિમ વિદાય આપવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, ગૃહમંત્રી અમિત શાહ, લોકસભા સ્પીકર ઓમ બિડલા, લાલકૃષ્ણ અડવાણી, મોદી કેબિનેટના તમામ સભ્યો સહિત અનેક રાજ્યોના મુખ્યમંત્રી, પૂર્વ મુખ્યમંત્રી અને લોકપ્રિય હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. પૂર્વ વિદેશમંત્રી અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી સુષ્મા સ્વરાજને હાર્ટએટેકના કારણે ૬૭ વર્ષની વયે ગઈકાલે મોડી રાત્રે અવસાન થયું હતું. દિલ્હી સરકારે તેમના અવસાન પર બે દિવસના રાજકીય શોકની જાહેરાત કરી છે. નિધનના કલાકો પહેલા જ ટ્વિટ કરીને સુષ્મા સ્વરાજે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદીને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા હતા. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, પોતાના જીવનમાં આ દિવસનો ઈંતજાર તેઓ કરી રહ્યા હતા. સુષ્મા સ્વરાજ પણ પોતાના ઓજસ્વી ભાષણોથી તમામને રોમાંચિત કરી દેતા હતા. યુપીએ-૨ના ગાળા દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા તરીકે પણ હતા. આ ગાળા દરમિયાન તેઓએ સંસદમાં કેટલાક યાદગાર ભાષણ આપ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રથમ અવધિમાં તેઓએ વિદેશ મંત્રી તરીકેની જવાબદારી સંભાળી હતી. સામાન્ય લોકોની માહિતી મેળવવાના તેઓએ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના ત્રણેય શાસનકાળમાં તેઓ કેબિનેટ મંત્રી તરીકે હતા. દિલ્હીના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. મંગળવારે મોડી રાત્રે તેમનું અવસાન થયું હતું. તેમના પાર્થિવ શરીરને રાત્રે જ







● અનુસંધાન પાન-૭ પર

## એક વર્ષમાં દિલ્હીએ ત્રણ પૂર્વ મુખ્યમંત્રી ગુમાવ્યા

નવી દિલ્હી, તા. ૭

દેશના પૂર્વ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજનું મંગળવારના દિવસે મોડી રાત્રે હાર્ટએટેક થયા બાદ અવસાન થયું હતું. તેઓ ૬૭ વર્ષના હતા. સુષ્મા સ્વરાજ ભાજપના શક્તિશાળી અને ફાયરબ્રાન્ડ નેતાઓ પૈકી એક હતા. પોતાના સૌમ્ય આચરણ અને ઓજસ્વી ભાષણના કારણે ભારતીય રાજનીતિમાં તેમની એક અલગ ઓળખ ઉભી થઈ હતી. કેન્દ્રીય મંત્રી બનતા પહેલા સુષ્મા સ્વરાજ દિલ્હીના મુખ્યમંત્રી પણ રહ્યા હતા. તેમના અવસાનની સાથે જ દિલ્હીએ એક વર્ષના ગાળામાં જ પોતાના ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓને ગુમાવી દીધા છે. સુષ્મા સ્વરાજ ઓક્ટોબરથી લઈને ડિસેમ્બર ૧૯૯૮ સુધી દિલ્હીના મુખ્યમંત્રી રહ્યા હતા. હાર્ટએટેકના કારણે તેમનું અવસાન થયું હતું. ગયા મહિનામાં હાર્ટએટેકના લીધે જ દિલ્હીના ત્રણ વખત મુખ્યમંત્રી રહી ચુકેલા શીલા દિક્ષીતનું પણ અવસાન થયું હતું. ૨૦મી જુલાઈના દિવસે દિલ્હીના ફોર્ટિસ હોસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું. ૧૯૯૮થી લઈને ૨૦૧૩ વચ્ચે સતત ૧૫ વર્ષ સુધી તેઓ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. વર્ષ ૧૯૯૩થી ૧૯૯૬ સુધી દિલ્હીના મુખ્યમંત્રી રહી ચુકેલા મદનલાલ ખુરાનાનું ગયા વર્ષે ઓક્ટોબરમાં અવસાન થયું હતું. ૮૨ વર્ષીય ખુરાના લાંબા સમયથી બિમાર ચાલી રહ્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી ઉપરાંત તેઓ વર્ષ ૨૦૦૪માં રાજસ્થાનના રાજ્યપાલ પણ બન્યા હતા. આવી જ રીતે એક વર્ષની અંદર દિલ્હીના પૂર્વ ત્રણ મુખ્યમંત્રીઓના અવસાન થયા છે. સુષ્મા સ્વરાજ, મદનલાલ ખુરાના અને શીલા દિક્ષીત એમ ત્રણેય ખુબ લોકપ્રિય નેતા પૈકીના એક હતા. શીલા દિક્ષીત લાંબા ગાળા સુધી દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. દિલ્હીમાં તેમની ખાસ છાપ ઉભી થઈ હતી. દિલ્હીને આધુનિક બનાવવામાં તેમની મોટી ભૂમિકા રહી હતી. આવી જ રીતે સુષ્મા સ્વરાજ પણ ખુબ લોકપ્રિય રહ્યા હતા.

